# આજે સ્ત્રી પોતાના બેંક અકાઉન્ટનો વહીવટ પોતે જ કરે છે કે પછી કોઈના પર આધાર રાખે છે?



**આ**પણે સ્ત્રી સશક્તિકરણની ઘણી વાતો કરીએ છીએ. આજના જમાનામાં મોટા ભાગે સ્ત્રી ક્યાં તો નોકરી કરતી હોય છે અથવા પોતાનો બિઝનેસ કરતી હોય છે. આમ, પગભર થવાનું તે શીખી ગઈ છે. તેની પાસે તેની કમાણીના પૈસા છે, તેનું સેવિંગ્સ છે. છતાં ઘણી વાર એવું બનતું હોય છે કે તેની કમાણી તેના હાથમાં રહેતી નથી. તેનું મેનેજમેન્ટ ઘરની કોઈ બીજી વ્યક્તિ અથવા તો મોટાભાગે તેનો હસબંડ કે પિતા કરતા હોય છે. તેણે તેના પૈસા ક્યાં અને કેવી રીતે વાપરવા, શેમાં ઇન્વેસ્ટ કરવું તેનો નિર્ણય લેવાનો અધિકાર તેને મળતો નથી. વળી, કેટલીક સ્ત્રીઓને મોબાઈલ બેન્કિંગ કેવી રીતે વાપરવું તે આવડતું હોતું નથી. તેના કારણે પણ ઘણી વાર તેમણે બીજા પર આધાર રાખવો પડે છે. સ્ત્રી કમાતી હોય કે ગૃહિણી હોય, જ્યાં સુધી તેના બેંક અકાઉન્ટનો વ્યવહાર તે જાતે કરતાં ન શીખે ત્યાં સુધી સ્ત્રી સશક્તિકરણ અધૂરું છે. અમે કેટલીક સન્નારીઓને પૂછ્યું કે, શું તેઓ પોતાના બેંક અકાઉન્ટનો વ્યવહાર પોતે જ સંભાળે છે કે પછી કોઈના પર આધાર રાખે છે? શું તેમને બેંકમાં જઈને સ્લીપ ભરીને પૈસા ભરતા, ચેક ભરતા, લોન કેવી રીતે લેવી, RTGS કેવી રીતે કરવું, પાસબુક અપડેટ કરાવવી, ATMમાંથી પૈસા કેવી રીતે કાઢવા વગેરે જેવાં કાર્યો કરતાં આવડે છે? આ ઉપરાંત, મોબાઈલ બેન્કિંગ તેમને કેટલું આવડે છે? શું મોબાઈલ બેન્કિંગ વાપરવા માટે તેમણે કોઈના પર આધાર રાખવો પડે છે? આજના જમાનામાં પોતાનું બેંક અકાઉન્ટ જાતે સંભાળતા શીખવું કેટલું જરૂરી છે? ચાલો, જાણીએ તેમના જવાબો શું રહ્યા....

## પહેલાં મેં ક્યારેય ATMમાંથી પૈસા પણ નહોતા કાઢ્યા : જિગીશાબેન ઝાખરુંવાળા



ધોરણ ૧૦ પાસ જીગીશાબેનના પતિના ગુજરી ગયાને લગભગ ૪ વર્ષ થઇ ગયાં છે. ૪૧ વર્ષીય જિગીષાબેન જણાવે છે કે, ‘‘બેન્કનું કામ મેં પહેલાં ક્યારેય કર્યું ન હતું. મારા હસબંડ અચાનક ગુજરી ગયા અને ત્યાર પછી સઘળી જવાબદારી મારા પર આવી ગઈ. શરૂઆતમાં તો બેંકમાં જતાં જ બીક લગતી હતી. ડર લાગતો હતો કે કંઈ ભૂલ થઇ ગઈ તો શું કરીશ ? બેંકમાં જઈને ત્યાં સ્ટાફને પૂછું, મદદ માંગું કે આમાં શું કરવાનું છે?, કેવી રીતે કરવું? એમ પૂછી પૂછીને શીખી. એક વારમાં સમજ ન પડે તો ફરી પૂછતી. એમ કરતાં કરતાં હું બેન્કનું કામકાજ શીખી ગઈ. હવે હું એ જાતે હેન્ડલ કરું છું. હજી પણ ક્યાંક અટકી પડે તો મારા ભાઈને પૂછીને, તેની સલાહ લઈને કામ કરું છું. મોબાઈલ બેન્કિંગમાં ઓનલાઈન પેમેન્ટ કરવા જેમ કે, લાઈટબિલ, ગેસબિલ ભરવાં કે અન્ય કોઈ પણ મની ટ્રાન્સેક્શન કરતાં આવડે છે. પહેલાં ક્યારેય મેં ATMમાંથી પૈસા પણ નહોતા કાઢ્યા પણ હવે બેન્કનાં બધાં કામ હું જાતે કરતાં શીખી ગઈ. મને ચોક્કસ લાગે છે કે દરેક સ્ત્રીએ બેન્કનાં કામ શીખવાં જ જોઈએ. મને પહેલાં આવડતું નહોતું એટલે શરૂઆતમાં ઘણું અઘરું લાગ્યું. હું જો પહેલેથી જ શીખી હોત તો આટલું અઘરું ન લાગ્યું હોત.’’ •

## મોબાઈલથી પૈસા ટ્રાન્સફર કરવાનું મને મારા દીકરાએ શીખવ્યું : નીતાબેન રાઠોડ



નીતાબેન ઘરે ઘરે રસોઈ બનાવવાનું કામ કરે છે. ૮ ધોરણ પાસ નીતાબેન આ વિષે કહે છે કે, ‘‘મારું અકાઉન્ટ મારા હસબંડ કે દીકરો મેનેજ કરે છે. વળી, કયારેક મને જે પૈસા રસોઈ કરીને મળે છે તે રોકડા મોટાભાગે દીકરાને આપું છું કારણ કે તેને ધંધામાં રોકડાની જરૂર હોય અને બદલામાં મારા અકાઉન્ટમાં તેટલા પૈસા ટ્રાન્સફર કરી આપે છે. આ સિવાય ચેક લખી આપવો, સ્લીપ ભરીને પૈસા ભરવા જેવાં કામ બેંક જઈને હું જાતે કરું છું પરંતુ બેંકમાં લોન લેવાં જેવા જટિલ કામ કે RTGS કરવાનું મેં કયારેય કર્યું નથી અને એટલે આવડતું પણ નથી. મોબાઈલથી પૈસા ટ્રાન્સફર કરવાનું અને પેમેન્ટ કરવાનું મને મારા દીકરાએ શીખવ્યું. શોપિંગ કરું ત્યારે ઓનલાઈન પેમેન્ટ કરી શકું છું. મોબાઈલ બેન્કિંગમાં પણ નાનાં કામ હું કરી શકું છું.’’ •

## આપણા પૈસાની લેવડ-દેવડનું આપણે જાતે ધ્યાન રાખીએ તે જરૂરી છે: અમિષાબેન બારૈયા



૩૬ વર્ષીય અમિષાબેન બારૈયાએ BBA કર્યું છે અને પોતાનું બ્યૂટી સલૂન ચલાવે છે. તેઓ કહે છે કે ‘‘દરેક સ્ત્રીને તેનું બેંક અકાઉન્ટ હેન્ડલ કરતાં આવડવું જ જોઈએ. બેંકમાં જઈને સામાન્યથી લઈને જટિલ પ્રોસેસ કેવી રીતે કરવી તે દરેકે શીખવું જરૂરી છે. કોઈને પણ પહેલેથી જ બધું આવડતું હોતું નથી. હું પણ જેમ જેમ જરૂરિયાત ઊભી થતી ગઈ તેમ તેમ બેન્કનાં કામ-કાજ શીખતી ગઈ. કંઈ ન આવડતું હોય તો બેંકમાં જઈને ત્યાં જ પૂછતી અને એમ પૂછતાં પૂછતાં ધીમે ધીમે શીખતી ગઈ. આજે મારા દરેક પેમેન્ટ, લાઈટબિલ, ગેસબિલ કે પછી મારા સલૂનનાં બિલ મોબાઈલ બેન્કિંગ એપથી કરું છું. મારા મોટાભાગના મની ટ્રાન્સેકશન ઓનલાઈન થાય છે. દરેકને પોતાનું બેંક અકાઉન્ટ હેન્ડલ કરતાં અને મોબાઈલ બેન્કિંગ યુઝ કરતાં આવડવું જરૂરી છે. તેનાથી કામ સરળ તો બને જ છે અને સાથે સાથે કોઈ તમારા પૈસાનો દુરુપયોગ કરી શકતું નથી. આપણા પૈસાની લેવડ-દેવડનું આપણે જાતે ધ્યાન રાખીએ તે જરૂરી છે.’’ •



## અત્યારે જ શીખેલા હો તો ઈમરજન્સીમાં તે કામ લાગે છે : ડૉ દૃષ્ટિ શાહ



BHMS એટલે કે બેચલર ઓફ હોમિયોપેથી મેડિસિન એન્ડ સર્જરીની જેમણે ડિગ્રી મેળવી છે તે ૩૬ વર્ષીય ડૉ. દૃષ્ટિ શાહ જણાવે છે કે પર્સનલ બેંક અકાઉન્ટને તેઓ જાતે જ હેન્ડલ કરે છે. તેઓ જણાવે છે કે,‘‘બેન્કનું કામ હું જાતે જ કરું છું. ક્યારેક કોઈ જટિલ પ્રોસેસ હોય જેની ખબર ન હોય તો પૂછી પૂછીને આગળ વધુ છું. આ કામ જેટલું જાતે કરીએ તેમ તેમ શીખવા મળે છે. કશે પણ અટકી જાઉ તો પૂછવામાં શરમ રાખતી નથી. તેમ કરતાં કરતાં મોબાઈલ બેન્કિંગ પણ શીખી ગઈ. આજે હું મારા દરેક ટ્રાન્સેક્શન ઓનલાઈન કરું છું જેમ કે, મારે પૈસા ટ્રાન્સફર કરવાના હોય, ઓનલાઈન પેશન્ટ્સના પેમેન્ટ લેવાના હોય, મોબાઈલ રીચાર્જ કરવાનો હોય વગેરે વગેરે. આજે દરેક સ્ત્રીએ પોતાનું બેંક અકાઉન્ટ જાતે જ હેન્ડલ કરવું જોઈએ અને સાથે સાથે મોબાઈલ બેન્કિંગ પણ શીખવું જ જોઈએ. હું એક ડૉક્ટર છું એટલે જિંદગીની અનિશ્ચિતતાઓને સમજી શકું છું. જિંદગીમાં ક્યારે ઈમરજન્સી આવી જાય તેની ખબર હોતી નથી. તેવા સમયે આપણું માઈન્ડ સેટ પણ એવું હોતું નથી કે નવી વસ્તુ શીખી શકીએ. તે સમયે આ કામ કરવાનું આવે તો ત્યારે ગભરાઈ જવાય છે એટલે જ જો પહેલેથી જ શીખી લીધું હોય તો ઈમરજન્સીમાં સ્વસ્થ રહીને પૈસાની લેવડદેવડને લગતાં કામ કરી શકીએ છીએ અને પછી ત્યારે આ કામ સરળ પણ લાગે છે. જીવનમાં આવતી દરેક અનિશ્ચિતતા માટે આપણે તૈયાર રહેવું જોઈએ.’’ •

## પોતાનું બેંક અકાઉન્ટ જાતે હેન્ડલ કરવાથી પૈસાની વેલ્યુ સમજાય છે : રોમાબેન ગાંધી



જ્વેલરી ડીઝાઈનીંગ કરતાં ૨૯ વર્ષીય રોમાબેન પોતાનું બેંક અકાઉન્ટ જાતે હેન્ડલ કરે છે. તે કહે છે કે ‘‘હું જ્યારથી મારા અકાઉન્ટનું કામકાજ સંભાળતી થઇ ત્યારે ઘણું બધું ઓનલાઈન થઇ ગયું હતું. હું મોટાભાગે ઓનલાઈન ટ્રાન્સેક્શન કરવાનું પસંદ કરું છું. ક્યારેક જરૂર પડે તો જ બેંકમાં જાઉ છું. શરૂઆતમાં ATMનો ઉપયોગ કરતી હતી, ચેક ભરવા કે પૈસા ભરવા પહેલાં બેંક જતી હતી પણ પછી તો ગુગલ પે આવી ગયું. મારે કોઈ પણ પેમેન્ટ કરવાનું હોય, બિલ ભરવાનાં હોય, પૈસા ટ્રાન્સફર કરવાના હોય એ બધું કામ ઓનલાઈન જ કરું છું. શરૂઆતમાં બેન્કની એપનો ઉપયોગ કરતાં આવડતું ન હતું. તે મને મારા હસબન્ડે શીખવી દીધું. હવે સ્ટેટમેન્ટ માટે કે ટ્રાન્સફર આપવા માટે મોબાઈલ બેન્કિંગ એપનો ઉપયોગ કરી લઉ છું. મોબાઈલ બેન્કિંગથી કામ ઘણું સરળ અને ઝડપી બની ગયું અને બેંકમાં જઈને લાઈનમાં ઊભા રહેવું પડતું નથી એટલે ટાઈમ વેસ્ટ થતો નથી. હા, લોન લીધી નથી એટલે એના વિષે વધારે ખબર નથી પણ, હું એટલું ચોક્કસ માનું છું કે ૧૮ વર્ષની ઉપરની વયની દરેક છોકરીને બેન્કિંગ વિષે સમજ આપવી જોઈએ. ૧૮ વર્ષની વય થાય ત્યારે શીખવું અને ૨૩ વર્ષની વયે ઈન્વેસ્ટમેન્ટ કરવાની શરૂઆત કરવી જોઈએ. પોતાના પૈસા ઈન્વેસ્ટ કરીએ ત્યારે પૈસાની વેલ્યુ સમજાય છે. પરિપક્વતા આવે એટલે એક જવાબદારીથી પૈસાનું મેનેજમેન્ટ કરતાં શીખીએ છીએ. હું મારા પૈસાનું ઈન્વેસ્ટમેન્ટ જાતે કરું છું. ન સમજ પડે તો બીજા પાસે માર્ગદર્શન લઉ છું પણ નિર્ણય પોતાની જાતે જ કરું છું. દરેક છોકરીને બેન્કીંગ અને ઈન્વેસ્ટમેન્ટનું નોલેજ હોવું જ જોઈએ.’’ •

## નાનપણથી જ અમને બેન્કનાં કામ કરવાની તાલીમ ઘરમાંથી મળી હતી: જિગીષાબેન બોઘાવાળા



50 વર્ષીય જિગીષાબેન હોમમેકર છે. તેઓ કહે છે કે, ‘‘મારું પર્સનલ બેંક અકાઉન્ટ હું જાતે જ હેન્ડલ કરું છું. ચેક ભરવાનો હોય કે પૈસા જમા કરવાના હોય કે વળી લોન લેવાની હોય કે RTGS કરવાનું હોય, હું તે બધું જાતે સંભાળું છું. મોબાઈલ બેન્કિંગમાં પણ ઓનલાઈન પેમેન્ટ કરવાનું હોય કે મની ટ્રાન્સફર કરવાના હોય હું તે કોઈની પણ મદદ વગર કરી શકું છું. મારા ઘરમાં અમને નાનપણથી જ બેન્કનાં કામ માટે મોકલવામાં આવતાં. પૈસા જમા કરવાના હોય તો સાવધાની માટે પાછળ પાછળ એક વ્યક્તિને પણ મોકલતા. આમ, નાનપણથી જ બેન્કનાં કામ કરવાની તાલીમ અમને ઘરમાંથી મળી હતી. પહેલાંથી જ આ કામ કરતાં હોવાથી ક્યારેય કોઈ ભૂલ થઇ નથી. અમને પહેલેથી જ ઘરમાંથી પૈસાને લગતું પ્રેક્ટીકલ નોલેજ આપવામાં આવતું જેથી બેંકને લગતાં કામ ક્યારેય અઘરાં લાગ્યાં નથી. શરૂઆતમાં મોબાઈલ બેન્કિંગ શીખવાનું અઘરું લાગતું હતું પરંતુ ધીમે ધીમે તે પણ આવડી ગયું. મારે ટ્રેનની ટિકિટ બુક કરવાની હોય કે ઈન્વેસ્ટમેનટ કરવાનું હોય, મારા અકાઉન્ટનું કામ હું જાતે જ હેન્ડલ કરી લઉ છું.’’ •

**આજકાલ મોટા ભાગની મહિલાઓ પોતાનાં નાણાં અંગે જાણકાર અને સભાન છે. એ પોતાના બેંક અકાઉન્ટ સંબંધિત વ્યવહારોથી પરિચિત છે અને જાતે જ અકાઉન્ટ હેન્ડલ કરવા માંડી છે નવી નવી ટેકનોલોજી શીખીને પણ પોતાને અપડેટ રાખી જાતે જ નાણાંકીય વ્યવહારો કરે છે. અલ્પશિક્ષિત મહિલાઓ અને હોમમેકર પણ કોઈના પર આધાર રાખતી નથી એ ગર્વની વાત છે.**